| | | | |
|---|---|---|---|
| રજુ થયા તારીખ | ૧૫ | ૦૪ | ૨૦૨૫ |
| દાખલ થયા તારીખ | ૧૫ | ૦૪ | ૨૦૨૫ |
| ફેસલ કર્યા તારીખ | ૧૭ | ૦૪ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિન |
| | ૦૧ | ૦૦ | ૦૨ |

सत्यमेव जयते

# વાગરાના મહે. ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ સાહેબની કોર્ટમાં, મુકામ–વાગરા.

**ફોજદારી કેસ નં. ૭૬૭/૨૦૨૫**
**આંક** :–

**ફરીયાદી:–** શ્રી સરકાર.

–––– વિરુધ્ધ ––––

**આરોપી:–** **અશોકભાઈ બચુભાઈ ગોહિલ,**
રહે.મોસમ, તા. વાગરા, જી. ભરૂચ.

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી **જે.જી.વસાવા**
આરોપીપક્ષ તરફે વિ.વકીલશ્રી **એમ.વાય.પટેલ**

**ગુન્હો :– ધ ગુજરાત પ્રોહિબીશન એકટ કલમ ૬૬(૧) (બી) તથા એમ.વી.એકટ–૧૮૫ મુજબ.**

## ***JUDGEMENT***

**(૧)** સદર ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ વગર પાસ પરમીટે દારૂનો નશો કરેલ હાલતમાં પોતાના કબજામાંની લાલ કલરની પેશન પ્રો મોટર સાયકલ નં. જીજે–૦૫–કેએફ–૧૫૨૭ ને આખા રોડ ઉપર સર્પાકાર હંકારી લાવી પકડાઈ જઈ ગુનો કર્યો હોવાની ફરિયાદ ફરિયાદીએ વાગરા પોલીસ સ્ટેશન ગુ.ર.પાર્ટ બી–૬૯૬/૨૦૨૩ થી નોંધાવેલ છે. તે કામે તપાસ કરનારે **આંક–૧** મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** આરોપી સામે ચાર્જશીટ દાખલ થતા ઉપરોકત ગુન્હાનુ

સંજ્ઞાન લઈ સમન્સ કરવામાં આવેલ. જે સમન્સ આરોપી ને બજતા આરોપી તેઓ ના વકીલ સાથે હાજર થયેલ હતા. ત્યારબાદ **આંક–૦૪** થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમા આરોપી એ પોતાનો ગુનો કબુલ કરવાની સ્પષ્ટ ઈન્કાર કરેલ અને આ કેસ આગળ ચલાવવો છે તેમ જણાવતા કેસની આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**:: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ::**

| અનુ.નં | આંક | સાહેદ |
|---|---|---|
| ૧. | ૫ | પંચ અરવિંદભાઈ મોતીભાઈ વસાવાની જુબાની |
| ૨. | ૬ | શરીરસ્થિતનાં પંચનામાની ખરી નકલ |
| ૩. | ૭ | ફરીયાદી ભોપાભાઈ ગકુરભાઈની જુબાની |
| ૪. | ૮ | ફરીયાદની ખરી નકલ |
| ૫. | ૯ | ત.ક.અ./હે.કો. પ્રગ્નેશભાઈ રમણભાઈની જુબાની |
| ૬. | ૧૩ | મેડીકલ ઓફિસર અશરફ પટેલની જુબાની |
| ૭. | ૧૪ | પોલીસ યાદી |
| ૮. | ૧૫ | ફોર્મ એ |
| ૯. | ૧૬ | એફ.એસ.એલ. સર્ટીફીકેટ |

(૪) ફરીયાદ પક્ષ તરફથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી પુરાવો પુર્ણ થયેલ હોવાનું જાહેર કરતાં, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ મુજબની જોગવાઈઓ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમા તેઓને બચાવ પક્ષના સાહેદને તપાસવા નથી કે સોગંદ પર જુબાની આપવી નથી અને તેઓ પોતે નિર્દોષ છે અને કહેવાતો ગુનો તેઓએ કરેલ નથી તેવી હકીકત જણાવેલ છે. ત્યાર બાદ પક્ષકારોના

વિધ્વાન વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવી.

**(૫)** ઉપરોકત તમામ હકીકતને ધ્યાનમાં લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ વગર પાસ પરમીટે દારૂનો નશો કરેલ હાલતમાં પોતાના કબજામાંની લાલ કલરની પેશન પ્રો મોટર સાયકલ નં. જીજે–૦૫–કેએફ–૧૫૨૭ ને આખા રોડ ઉપર સર્પાકાર હંકારી લાવી પકડાઈ જઈ ધ ગુજરાત પ્રોહિબીશન એકટ કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એકટ–૧૮૫ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>:: કા ર ણો ::</u>**

**<u>(૭) મુદ્દા નં. ૧ .</u>**

**(૭.૧)** ફોજદારી ન્યાયશાસ્ત્રના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષ ધ્વારા આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે અને જયાં સુધી આરોપી સામેના ગુન્હો સાબીત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. આરોપી સામેના આક્ષેપો સાબીત કરવા માટે ફરીયાદપક્ષ તરફથી સકારાત્મક પુરાવો રજુ કરી આરોપી સામેના

આક્ષેપો સાબીત કરવા જોઈએ.

(૭.૨.) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા સૌપ્રથમ **આંક–૦૫** થી પંચ અરવિંદભાઈ મોતીભાઈને તપાસેલ છે. તેઓએ **આંક–૦૬** થી રજુ શરીરસ્થિતિના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ તે સિવાય પંચનામાની હકીકતો સબંધે કંઈ કહેતા નથી. તેમ જણાવી પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદર પંચસાહેદને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછતા તેમાં પણ સદર પંચસાહેદએ સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

(૭.૩.) ફરીયાદપક્ષે ફરીયાદી અ.હે.કો. ભોપાભાઈ ગફુરભાઈને **આંક–૦૭** થી તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૦૩/૧૨/૨૦૨૩ ના રોજ હું તથા અ.હે.કો. પ્રજ્ઞેશભાઇ રમણભાઇ હનુમાન ચોકડી ખાતે હાજર હતા તે દરમ્યાન ભેરસમ ગામ તરફથી એક મોટર સાયકલ ચાલક વાંકીચૂંકી ચલાવતો આવતો હોય, જેથી તેઓએ તેને પોતાની મોટર સાયકલ ઉભી રાખવા ઈશારો કરતા તેણે પોતાની મોટર સાયકલ ઉભી રાખેલ. નજીકમાં જઈ તેનુ નામ–ઠામ પુછતા તેણે પોતાનુ નામ તોતડાતી જીભે અશોકભાઇ બચુભાઇ ગોહિલ રહે. મોસમ, તા. વાગરાનો હોવાનુ જણાવેલ.સદર ચાલકના મોઢામાંથી સખત દારુની વાસ આવતી હોય જેથી તેની આંખો નશાના લીધે લાલ જણાયેલ હતી. જેથી અમોએ સદર મોટર સાયકલ ચાલકને દારુ પીવા બદલ પાસ પરમીટ માંગતા નહી હોવાનુ જણાવેલ. જેથી સદર ઇસમનું મોટર સાયકલ પેશન પ્રો. જેનો રજિ. નં. જી.જે.–૦૫–કે.એફ.–૧૫૨૭ જેની કિંમત આશરે ૨૫,૦૦૦/– ગણેલ. જે જે બદલનુ વિગતવારનું પંચનામુ અમારી સાથેના અ.હે.કો.પ્રજ્ઞેશભાઇ રમણભાઇ રૂબરૂ કલાક ૨૨:૦૦ થી ૨૨:૩૦ દરમ્યાન કરવામાં આવેલ અને સદર ઇસમ વિરુધ્ધ મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી. એકટની કલમ–૬૬(૧) બી મુજબ અમોએ વાગરા પોલીસ સ્ટેશનમાં

ફરીયાદ આપેલી. મને ફરીયાદની નકલ બતાવવામાં આવે છે જે જોઇને કહુ છુ કે તેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે હુ ઓળખુ છુ જે ફરીયાદ આંક–૦૮ થી રજુ કરવામાં આવેલ છે.

ત્યારબાદ તેઓ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, મારી ફરીયાદમાં પંચોના નામ તથા સરનામા જણાવેલ નથી. ભેરસમથી વાગરા તરફ આવતો રસ્તો ખરાબ અને ખાડા ટેકરા વાળો છે. આરોપીને બ્રેથ એનાલાઇઝરથી તપાસેલ હોય તેવુ બનેલ નથી. સામાન્ય રીતે માણસ બિમાર હોય તો તેની આંખો લાલ હોઈ શકે. બનાવ રાત્રીના સમયે બનેલો. અમે ઇલેકટ્રોનીક સાધનો કોમ્પ્યુટર, પ્રિન્ટર સાથે લઈ ગયેલ હોવાની હકિકત ફરીયાદમાં જણાવેલ નથી. પંચનામુ પંચો રૂબરૂ કરેલ હોવાની હકિકત મારી ફરીયાદમાં જણાવેલ નથી. પકડાયેલ ઈસમ દારુ પીધેલ હતો તેવુ ચોકકસ કહી શકુ નહી.

**(૭.૪)** ત્યારબાદ ફરીયાદપક્ષે ત.ક.અ./હે.કો. પ્રગ્નેશભાઈ રમણભાઈને **આંક–૦૯** થી તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૦૩/૧૨/૨૦૨૩ ના રોજ હું તથા અ.હે.કો. ભોપાભાઈ ગફુરભાઈ હનુમાન ચોકડી ખાતે હાજર હતા તે દરમ્યાન ભેરસમ ગામ તરફથી એક મોટર સાયકલ ચાલક વાંકીચૂંકી ચલાવતો આવતો હોય, જેથી તેઓએ તેને પોતાની મોટર સાયકલ ઉભી રાખવા ઈશારો કરતા તેણે પોતાની મોટર સાયકલ ઉભી રાખેલ. નજીકમાં જઈ તેનુ નામ–ઠામ પુછતા તેણે પોતાનુ નામ  તોતડાતી જીભે અશોકભાઈ બચુભાઈ ગોહિલ રહે. મોસમ, તા. વાગરાનો હોવાનુ જણાવેલ.સદર ચાલકના મોઢામાંથી સખત દારુની વાસ આવતી હોય જેથી તેની આંખો નશાના લીધે લાલ જણાયેલ હતી. જેથી અમોએ સદર મોટર સાયકલ ચાલકને દારુ પીવા બદલ પાસ પરમીટ માંગતા નહી હોવાનુ જણાવેલ. જેથી સદર ઈસમનું મોટર સાયકલ પેશન પ્રો. જેનો રજિ. નં. જી.જે.–૦૫–કે.એફ.–૧૫૨૭ જેની કિંમત આશરે ૨૫,૦૦૦/– ગણેલ. જે જે બદલનુ વિગતવારનું પંચનામુ અમારી રૂબરૂ કલાક ૨૨:૦૦ થી ૨૨:૩૦ દરમ્યાન કરવામાં આવેલ અને સદર ઈસમ વિરુધ્ધ મોટર વ્હીકલ

એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી. એકટની કલમ–૬૬(૧) બી મુજબ હે.કો. ભોપાભાઇ ગફુરભાઇએ વાગરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. પી.એસ.ઓ. એ ફરીયાદ નોંધી તપાસ અમોનેસોંપતા તપાસ અમે સંભાળી લઇ આરોપીનુ મેડીકલ ચેકઅપ કરાવેલ. તચારબાદ આરોપીના ફીંગરપ્રીન્ટ, ફોટા, સર્ચસ્લીપો તૈયાર કરેલ. ત્યારબાદ આરોપીના યોગ્ય જામીન રજુ થતા પોલીસ સ્ટેશનથી જામીન ઉપર આરોપીને મુબત કર્યો ત્યારબાદ નામ. કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ.

ત્યારબાદ ત.ક.અ.ની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ એ હકીકત કબુલ કરે છે કે, હુ રેડીંગ પાર્ટીનો સભ્ય પણ હતો અને તપાસ મે કરેલી. આ કામે કોઇ સ્વતંત્ર સાહેદનો જવાબ લીધેલ નથી. ફરીયાદમાં પંચોના નામ–સરનામા જણાવેલ નથી. તપાસ સંભાળતા પહેલા ફરીયાદ અને પંચનામા વાંચેલ હતા. વાહન ચેકીંગમાં હતા ત્યારે અમે ઇલેકટ્રોનીક સાધનો કોમ્પ્યુટર, પ્રિન્ટર સાથે લઇને ગયેલ નથી. બનાવ રાત્રીના સમયે બનેલ હતો. પંચનામુ પોલીસ સ્ટેશનમાં તૈયાર કરવામાં આવેલ. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, એફ.એસ.એલ. રીપોર્ટ આવ્યા પહેલા ચાર્જશીટ કરેલી અને આજદિન સુધી કોઇ એફ.એસ.એલ. રીપોર્ટ આવેલ નથી.

**(૭.૫)** ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૧૩** થી ડોકટર અશરફ પટેલને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, તા. ૦૩/૧૨/૨૦૨૩ ના રોજ વાગરા સરકારી હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકના ચાર્જમાં ફરજ બજાવતા હતા. તે દિવસે હે.કો. પ્રજ્ઞેશભાઇનાઓ એક વ્યકિત જેનુ નામ અશોકભાઇ બચુભાઇ ગોહિલ રહે. વાગરાને રાત્રીના ૧૦:૩૦ વાગ્યે મેડીકલ તપાસ કરાવવા માટે યાદી સાથે લાવેલા હતા. જે પોલીસ યાદી **આંક–૧૪** થી રજુ કરવામાં આવેલ છે. તેઓને મે તપાસેલ. તેઓની તપાસ કરતા તેના શ્વાસમાં આલ્કોહોલની વાસ હતી. તેની ભાષા સભ્ય હતી. તેની ચાલ અસ્થિર હતી. આંખની કીકી પહોળી થઇ

ગયેલ હતી. ડોકટરના અભિપ્રાય મુજબ તેઓએ આલ્કોહોલ લીધો હતો. અને આલ્કોહોની અસર તળે હતા. જેનુ ફોર્મ–એ તેઓ રજુ કરે છે જે **આંક–૧૫** થી રજુ કરવામા આવેલ છે જેમા ડોકટરની સહી અને સીકકા છે. ઉકત વ્યકિતની લોહીનો નમુનો નિયમ મુજબ પૃથ્થકકરણ તપાસ માટે લેવામાં આવ્યા હતા, લોહી લેતા દરમ્યાન ડિસ્પોઝેબલ સીરીંઝ અને નિડલની યુઝ કરેલ હતી. લોહી લેતા પહેલા ડાબી બાજુના કયુવાઈટલ ભાગ ઉપર ૧ % જેન્સન વાઈલેટ સોલ્યુશનથી સાફ કરવામાં આવેલ હતી. લોહી લેતી વખતે કોઈપણ આલ્કોહોલ કે કોઈ બીજા સોલ્યુશન સ્પર્શમાં ન આવે તેની કાળજી લીધેલ હતી. લોહી સીરીઝમાં લઈને એક ફિયાલ જેમાં પોટાશીયમ ઓકઝલેટ અને મરકયુરસ કલોરાઈડ બન્ને ૧૦–૧૦ ગ્રામની હાજરી હતી, તેમાં ઉમેરવામાં આવેલ. ત્યારબાદ ફિયાલને બંઘ કરીને તેને સારી રીતે હલાવી હતી અને પછી લેબલીંગ કરીને ફિયાલને સીલ કરવામાં આવેલ હતી. એફ.એસ.એલ. ગાંધીનગરનો રીપોર્ટ સાથે લાવેલ છુ અને તેમાં જણાવ્યા પ્ર માણે તેની લોહીમાં ૦.૦૯૧૮ ગ્રામ % ઈથાઈલ આલ્કોહોલની હાજરી હતી, જે એફ.એસ.એલ. સર્ટીફીકેટ રજુ કરુ છુ, જેમાં સાયન્ટીફીક ઓફિસર, ગાં ધીનગરના હોદાનો સિકકો તથા સહી હોય, જે સર્ટીફીકેટ **આંક–૧૬** થી રજુ કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદર સાહેદ આરોપીના વિ.વ.શ્રી ઘ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરે છે કે, મારી નીચે ઘણા બધા મેલ–ફીમેલ આસીસ્ટન્ટ હોય છે. લોહી લેવાની પ્રક્રિયા મારા આસિસ્ટન્ટ દવારા કરવામાં આવે છે. લોહીના નમુનાને એફ.એસ.એલ.માં ચોકકસ કયારે મોકલમાં આવેલ તેની મને ખબર નથી. ફોર્મ–એ માં દવાખાનાનુ નામ તથ મારી સહી નીચે મારો હોદ્દાનો સીકકો નથી.

(૮) આ કામ ના આરોપી સામે પડેલા મૌખિક તથા દસ્તાવેજી

પુરાવાના આધારે આરોપી સામેનો આક્ષેપ સાબીત થાય છે કે કેમ ? તે નકકી કરવું પડે. આરોપીના બ્લડ સેમ્પલ માં ૦.૦૫% કરતા વધારે આલ્કોહોલનુ પ્રમાણ આવતા આરોપીએ તે બતાવવુ પડે કે, આ બ્લડ સેમ્પલ લેતા સમયે BOMBAY PROHIBITION (MEDICAL EXAMINATION AND BLOOD TEST) RULES, 1959 નો ભંગ થયેલ છે અને તે ભંગ ની સીધી અસર લોહીના પૃથ્થકરણના પરીણામ ઉપર પડે છે. અથવા બ્લડમાં નિયતમર્યાદા કરતા આલ્કોહોલ આવવાનુ કારણ કલમ–૬૬(૧) (બી) માં આપવામાં આવેલ અપવાદોમાં પડે છે.

(૯) આ કામ ના આંક–૧૬ ના એફ.એસ.એલના રીપોર્ટ મુજબ આરોપીના બ્લડ સેમ્પલ માં ૦.૦૯૧૮ ગ્રામ% ઈથાઈલ આલ્કોહોલનુ પ્રમાણ આવેલ છે. પરંતુ આરોપીના બ્લડ ટેસ્ટ વખતે BOMBAY PROHIBITION (MEDICAL EXAMINATION AND BLOOD TEST) RULES, 1959 ના રૂલ–૪ નુ ચુસ્તપણે પાલન થયેલ છે કે નહી ? તે જોવુ આવશ્યક છે. રૂલ–૪ ની ટેકસ્ટ નીચે મુજબ છે.

**RULE 4 : Manner of collection and forwarding of blood**

"(1) The registered medical practitioner shall use a syringe for the collection of the blood of the person produced before him under rule 3 . The syringe shall be sterilized by putting in the boiling water before it is used for the aforesaid purpose. He shall clean with 1% aqueous solution of mercurochrome or gentior violet, not containing alcohol or its solution the skin surface of that part of such person's body from which he intends to withdraw the blood. No alcohol shall be touched at any stage while withdrawing blood from the body of the person. He shall withdraw not less than 5 c.c. of venous blood in the syringe from the body of the person. The blood collected

in the syringe shall then be transferred into a phial containing anticoagulant and preservative and the phial shall then be shaken vigoreously to dissolve the anticoagulant and preservantive in the blood. The phial shall be lablled and its cap sealed by means of sealing wax with the official seal or the monogram of the registered medical practitioner.

(2) The sample blood collected in the phial in the manner stated in sub-rule (1) shall be farwarded for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection. It shall be accompanied by a forwarding letter in Form "B" which shall bear a fascsimile of the seal or monogram used for sealing the phial of the sample blood."

આ કામમાં આરોપીનું બ્લડ સેમ્પલ લેનાર ડોકટર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, લોહી સીરીઝમાં લઈને એક ફ્રિયાલ જેમાં પોટાશીયમ ઓકઝલેટ અને મરકયુરસ કલોરાઈડ બન્ને ૧૦–૧૦ ગ્રામની હાજરી હતી, તેમાં ઉમેરવામાં આવેલ. આ બાબતે નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા Mahijibhai Lakhabhai Versus State Of Gujarat 1980 (2) GLR 159 : 1981 ના ચુકાદા માં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે. જે આ કામે બંધબેસતો છે.

5 The second feature is that in the instant case anti-coagulant and preservative which had to be added were not added by the doctor himself. The doctor admitted that he received a ready phial from the laboratory where the same was prepared. No person from the Laboratory was examined to show that anti-coagulant and preservative were added. The doctor admitted

that he had no personal knowledge about addition of the same and that he had received the bottle prepared from the laboratory. Rule 4 of the Rules inter alia requires that the blood collected in the syringe shall be transferred into a phial containing anti-coagulant and preservative. Admittedly this was not done by the doctor and as held by a Division Bench of this court in criminal appeal No. 711 of 1976 decided on 4th July 1978 this would be violation of the mandatory provisions contained in the said rule. This is therefore a second infirmity which is also of a fatal nature and vitiates the order of conviction.

ડોકટર સાહેદ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, લોહી લેવાની પ્રક્રિયા તેઓના આસીસ્ટન્ટ દવારા કરવામાં આવેલ અને નમુનાને એફ.એસ.એલ.માં ચોકકસ કયારે મોકલવાનં આવેલ તેની તેઓને ખબર નથી. આવા સંજોગોમાં સીધો લાભ આરોપીને મળવાપાત્ર છે. વધુમાં પ્રોસીકયુશનના કેસને પંચ સાહેદ લેશમાત્ર સમર્થન આપતા નથી. આમ, માત્ર પોલીસ સાહેદોના જવાબ લેવામાં આવેલા છે. તેઓ રસ ધરાવતા સાહેદો છે. તે સંજોગોમાં આ કામે આરોપીએ બનાવ સમયે સ્થળે અને તારીખે દારૂ પીધેલ હાલતમાં હોવાની હકિકત પુરવાર થતી નથી. વધુમાં આ કામે બનાવવાળું સ્થળ જોતાં તે જાહેર જગ્યા છે. પોલીસ જો ઈચ્છે તો આવી જગ્યાએથી તેઓને સ્વતંત્ર સાહેદો આસાનીથી મળી શકે તેમ હતાં. આમ, છતા પોલીસે સ્વતંત્ર સાહેદો ન તપાસી માત્ર પોલીસ સાહેદને જ તપાસ્યા છે. જે હકિકત પણ પોલીસના કેસને નબળો બનાવે છે.

આમ, ઉપરોકત કારણોને ઘ્યાનમાં રાખતા તથા હાલના કેસની હકિકતો જોતા ફરીયાદપક્ષ આરોપી વિરૂઘ્ધનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તેમ ઠરાવી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપુ છું અને મુદ્દા નં.ર

અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>:: આખરી હુકમ ::</u>**

(૧) આ કામના આરોપી **અશોકભાઈ બચુભાઈ ગોહિલ,** રહે.મોસમ, તા. વાગરા, જી. ભરૂચનાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ: ૨૪૮(૧) અન્વયે ધ ગુજરાત પ્રોહિબીશન એકટ કલમ ૬૬(૧)(બી) તથા એમ.વી.એકટ-૧૮૫ મુજબ મુજબનાં ગુનામાંથી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭ એ મુજબના રૂા.૫,૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજારના જામીન રજુ કરવા.

(૩) આ કામે મુદામાલ પાવતીમાં દર્શાવેલ મોટર સાયકલ જેનો રજી. નં. જી.જે.-૦૫-કે.એફ.-૧૫૨૭ અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો અને જો ન થયેલ હોય તો સદરહુ મુદામાલ તેના મુળ માલીકની ખરાઈ કરી અપીલ સમય વિત્યા બાદ તેના માલીકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો તેના મુળ માલિક લેવા ન આવે તો અપીલ સમય વિત્યે નિયમોનુમાર હરાજી કરી તેના ઉપજેલ નાણાં શ્રી સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૪/૨૦૨૬ (એસ.બી.દેવડા)
સ્થળ:વાગરા ન્યાયિક મેજિસ્ટ્રેટ
પ્રથમ વર્ગ, વાગરા.
કોડ નં.જી.જે.-૦૧૬૧૪